

લોકોત્સવ - અમદાવાદ શહેરમાં રથયાત્રાનો મહિમા બહુ જ મોટો છે... જગન્નાથપુરીની રથયાત્રા બાદ અમદાવાદની રથયાત્રા પ્રસિદ્ધ છે... અમદાવાદના પરંપરાગત માર્ગો પર બુધવારે નિકળેલી રથયાત્રામાં માનવ મહેરામણ ઉમટ્યું હતું.... અખાડીયનો અને કસરતબાજોના કરતબો નિહાળતા નિહાળતા ભાવિકો સમગ્ર માર્ગ પર ભગવાનની સાથે પરિભ્રમણ કર્યું હતું... ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિતભાઈ શાહે મંગળા આરતી કરી હતી... જ્યારે મુખ્યમંત્રી આનંદીબેને પહિન્દવિધિ કરાવી હતી... આ ઉપરાંત શહેરના ભાજપ-કોંગ્રેસ અને જાહેર જીવનના અગ્રણીઓએ ભગવાનના ત્રણેય રથો અને પૂજ્ય દિલીપદાસજીનું ભાવપૂર્વક સ્વાગત કર્યુ હતું... દિન-પ્રતિદિન અમદાવાદમાં રથયાત્રાનું આકર્ષણ વધતું જાય છે...

# મોસાળ સરસપુરમાં ભવ્ય ભોજનનું આયોજન કરાયું

## બુંદી લાડૂ, મોહનથાળ, પુરી-શાકની વ્યવસ્થા : લાખો લોકોએ જુદી જુદી પોળમાં ભોજનની મજા માણી

અમદાવાદ, તા.૬

અમદાવાદ શહેરમાં આજે પરંપરાગતરીતે રથયાત્રા નીકળી હતી અને શાંતિપૂર્ણરીતે મોડી સાંજે નિજ મંદિરમાં પરથ ફરી હતી. સરસપુરમાં ભગવાનના મોસાળ ખાતે ભોજનની જોરદાર વ્યવસ્થા કરવામાં આવી હતી. સરસપુરમાં મેગા રસોડાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હજારોની સંખ્યામાં લોકોએ બુંદી લાડુ, મોહનથાળ, પુરી-શાક, ખીચડી, ગાંઠિયા અને અન્ય ચીજવસ્તુઓની મજા માણી હતી. સવારે સાત વાગે રથયાત્રા શરૂ થયા બાદ બપોરે ૧૨ વાગે સરસપુરમાં ભગવાનના મોસાળ ખાતે શ્રદ્ધાળુઓ સાથેનો કાફલો પહોંચ્યો હતો જ્યાં થોડાક સમય સુધી શ્રદ્ધાળુઓ વિરામ કર્યો હતો અને ભોજનની મજા માણી હતી. આ રથયાત્રામાં શ્રદ્ધાળુઓ માટે વિશેષ વ્યવસ્થા સરસપુરમાં કરવામાં આવી હતી. ભગવાન જગન્નાથના મોસાળ ગણાતા સરસપુરમાં જુદી જુદી પોળમાં શ્રદ્ધાળુઓના માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. સરસપુરની વિવિધ પોળમાં બે લાખથી વધુ લોકો માટે રસોડાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આની પાછળ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ આ ૧૮ રસોડાઓ પૈકી ૧૦૦ વર્ષ જુનું રૂડીમાંનું રસોડુ સૌથી પ્રાચીન છે. આ રસોડે સાતથી આઠ હજાર લોકોની રસોઈ બનાવવામાં આવે છે. રસોડાને લઈને છેલ્લા ઘણા દિવસથી તૈયારીઓ ચાલી રહી હતી. જુની લુહાર શેરીમાં આશરે ત્રીસ હજાર વ્યક્તિઓ માટે ચોખ્ખા ઘીનો મોહનથાળ, ફુલવડી અને પુરી-શાક બનાવવામાં આવ્યા હતા. જ્યારે આંબલીવાડમાં વર્ષો જૂના રૂડીમાંના રસોડામાં અખાડાવાળા માટે રસોઈ બની હતી. લુહાર શેરીની સામે દેસાઈની પોલમાં ચા-પાણીની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. કડીયાવાડ, લીમડા પોળ અને પીપળા પોળમાં વીસ હજાર લોકોની રસોઈ બની હતી. જુદી જુદી પોળમાં શ્રદ્ધાળુઓ માટે ખાસ વ્યવસ્થા કરાઈ હતી. આઠ પરંપરાગત પોળમાં લુહાર શેરી, કડિયાવાડ, લીમડાપોળ, આંબળિયાવાડ, ગાંધીની પોળ, સાલ્વીવાડ, ગોપાલજીનું મંદિર, વડવાલોવાસ અને વણકર શેરીનો સમાવેશ થાય છે. આ લોકો બે લાખથી વધુ લોકો માટે વ્યવસ્થા ગોઠવે છે.

### ભવ્ય સ્વાગત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

- સે. ૨૪ ઈન્દીરાનગરના વસાહતીઓ દ્વારા મીનરલ પાણીના પાઉચનું વિતરણ કરાયું હતું.
- આ વર્ષે રથયાત્રામાં પ્રથમવાર હેપ્પી યુથ ક્લબ દ્વારા કડી કેમ્પસની બીબીએ કોલેજના સહયોગથી બે વાહનો જોડવામાં આવ્યા હતા. આ બંને વાહનોમાં બીબીએ કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ પર્યાવરણના રક્ષણ માટે વૃક્ષો વાવો તથા પાણી-વીજળી બચાવોનો ઉમદા સંદેશ આપતા પેમ્પલેટ્સ આખા રૂટ પર વહેંચ્યા હતા અને સાથે ચોકલેટના પ્રસાદનું પણ વિતરણ કર્યું હતું.
- સમગ્ર રથયાત્રામાં ડીજે અને નાસિક ઢોલ ઉપરાંત પરંપરાગત બેન્ડવાજા સાથે જોડાયેલા કેટલાક વાહનોએ ભારે રમઝટ જમાવી હતી.
- સે. ૨૩માં શોપીંગ સેન્ટર પાસે સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલ તથા ભાજપ અગ્રણી પંકજ શુકલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરોએ રથયાત્રાનું સ્વાગત કયું હતુ.
- સે. ૨૪માં માનવમેદની ઉમટી પડી હતી. જેના કારણે રથયાત્રા મોડી હોવા છતાં અહીંથી પસાર થવામાં ખૂબ વધુ સમય લાગ્યો હતો.
- સે. ૨૪ ઈમરાન મેમણ અને આબિદ મેમણ દ્વારા રથયાત્રામાં જોડાયેલા ભક્તો માટે શરબતની વ્યવસ્થા કરી કોમી એકતાના દર્શન કરાવ્યા હતા.
- પોલીસ ભવનમાં ડીજીપી પી.પી. પાન્ડેય ઉપસ્થિત ના હોવાથી પહેલી વાર પીઆરઓ સહિતની ટીમે સ્વાગત કર્યું.
- પોલીસભવન ખાતે રથયાત્રાના દર્શન દરમ્યાન પોલીસ કર્મીઓએ ભારે શિસ્ત દર્શાવતા પોતાના પગરખા રોડની એક તરફ કાઢી માથેથી કેપ ઉતારી ભગવાનના દર્શન કરતા હતા.
- રથયાત્રા પોલીસભવનથી સે. ૧૯ તરફ જઈ રહી હતી ત્યારે એક સાયકલ સવાર ઘોડેસવાર પાસેથી પસાર થતા ઘોડાનો પગ અડી જતા પડી જવા પામ્યો હતો પરંતુ તુરંત તે ઉભો થઈ જતા બંનેએ એકબીજા સામે સ્મિત કર્યુ હતુ.
- રથયાત્રામાં ૧૦૮, ૧૮૧, ફાયરબ્રિગેડ અને આઈસીયુ ઓન વ્હીલ્સ જેવી ઈમરજન્સી સેવાઓ ખડેપગે તૈનાત રખાઈ હતી. ●અમદાવાદના વાસણાના જય ગોગા અખાડાના અખાડીયનોના દિલધડક કરતબ જોઈ નગરજનો મંત્ર મુગ્ધ થયા હતા. ●ક્ષત્રિય ઠાકોર સેના ખુલ્લી તલવારો સાથે બાઈકો પર જોડાઈ હતી અને શ્રદ્ધાળુઓને જોઈ જુસ્સામાં આવી તલવારથી કરતબ દેખાડતા હતા. એક યુવાન તેમા પિસ્તોલ જેવી દેખાતી એરગન દ્વારા વારંવાર હવામાં ફાયર કરતો નજરે ચઢ્યો હતો.
- આમ તો દર વર્ષે બે-ત્રણ ઘોડેસવાર હોય છે પરંતુ આ વર્ષે ઘોડેસવારની સંખ્યા ૮ થી ૧૦ જેટલી હતી અને આ ઘોડાઓ પર બાળકોને બેસાડી ફોટા પડાવવા ભાવિકોએ પડાપડી કરી હતી.





### દિવ્યાંગ યુવાન ટ્રાઈસિકલ સાથે યાત્રામાં જોડાયો

રથયાત્રામાં ઘોડેસવાર યુવાનો સાથે જુદા જુદા વાહનોમાં જતા યાત્રિકોની સાથે પગપાળા જતા શ્રધ્ધાળુઓની સંખ્યા પણ વિશેષ હતી. કેટલાક વડીલો પણ શ્રધ્ધાભકિત સાથે જોમ જુસ્સા અને ઉત્સાહ સાથે રથયાત્રામાં જોડાયા હતા. રથયાત્રામાં સે-૧૫માં રહેતા ઠાકોર સમાજનો શ્રમિક યુવાન પણ જોડાયો હતો. વિકલાંગ યુવાન પોતાની ટ્રાઈસિકલ સાથે રથયાત્રામાં જોડાયો હતો. શરૂઆતથી જ યાત્રામાં સામેલ યુવાન રથયાત્રાના રૂટમાં ઉત્સાહભેર આગળ જતો નજરે પડતો હતો.

# રથયાત્રાના દિવસે કોમી એકતાના પણ દર્શન થયા

અમદાવાદ, તા.૬

ભગવાન જગન્નાથની રથયાત્રાના દિવસે આજે પણ પરંપરાગત કોમી એકતાના દર્શન થયા હતા અને ૧૦૦ વર્ષ જૂની પરંપરાને જાળવી રાખવામાં આવી હતી. અમદાવાદના સંવેદનશીલ વિસ્તાર દરિયાપુરમાં કોમી એકતાના અનોખા દ્રશ્યો સર્જાય છે. કારણ કે એક સદી જુની પરંપરાગત એવી છે કે, ભગવાનના રથ જ્યારે દરિયાપુર લીમડી ચોક પાસે પહોંચે ત્યારે ત્યાં આવેલી બન્નાની મસ્જિદ અને શેખજીની મસ્જિદમાં જગન્નાથ મંદિરના મહંત દ્વારા બંને મસ્જિદમાં દાનની રકમ આપવામાં આવે છે. સ્થાનિક સામાજિક કાર્યકર રફીક નગરી કહે છે કે, કોમી એકતાના પ્રતીક રૂપે મહંત દ્વારા બંને મસ્જિદોને દાન રૂપે ચોકકસ રકમ આપવાની વર્ષો જુની પરંપરા આજે પણ હયાત છે. મસ્જિદ પાસે ભગવાનના રથો પહોંચે ત્યારે મહંત પોતાની ગાડી પરથી નીચે ઉતરી મસ્જિદના ટ્રસ્ટીઓ અને મુસ્લિમ આગેવાનો સાથે મુલાકાત યોજે છે અને મસ્જિદોને દાનની ચોક્કસ રકમ આપે છે. આ તબક્કે મંદિરના મહંત અને ટ્રસ્ટીઓનું મિસ્લિમ સમાજ દ્વારા ફુલહારથી ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. વિસ્તારના આગેવાનો ખડેપગે ઉભા રહી શાંતિપૂર્ણ રીતે રથયાત્રા પસાર થાય અને કોઈ જાતનો કાંકરીચાળો ન થાય તે માટે અથાગ પ્રયત્નો આદરવામાં આવે છે.



શપથવિધિ : ગાંધીનગર લાયન્સ ક્લબના પદનામિત પ્રમુખ નિમેષ રાવલ, લાયોનેસ ક્લબના પ્રમુખ દેવલ જોશી તથા નિયો ક્લબના પ્રમુખ કથન ત્રિવેદીનો શપથવિધિ બુધવારે બપોરે યોજાયો હતો. આ પ્રસંગે લાયન્સ ક્લબના સભ્યો અને શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમિત શાહના નિવાસ પર એક પછી એક બેઠકનો દોર

## રાજકીય આગેવાનો, કાર્યકરો તથા અંગત વિશ્વાસુની સાથે રોયલ ક્રિસન્ટ ખાતે બેઠક : વિવિધ પાસા ઉપર ચર્ચા થઇ

અમદાવાદ, તા.૬

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહે તેમના અમદાવાદના રોકાણને વધુ એક દિવસ લંબાવ્યો છે હવે તેઓ આવતીકાલે ગુરુવારે સાંજે દિલ્હી જવા રવાના થશે. અમદાવાદના સુપ્રસિધ્ધ જગન્નાથ મંદિરેથી આજે નીકળેલી ભગવાન જગન્નાથની રથયાત્રામાં આજે વહેલી સવારે થયેલી મંગળ આરતીમાં ભાગ લેવા અમિત શાહ ગઈકાલે મંગળવારે સાંજે દિલ્હીથી અમદાવાદ આવી પહોચ્યા હતા. જગન્નાથ મંદિર ખાતે આજે વહેલી સવારે ચાર વાગે મંગળ આરતીમાં ભાગ લીધા બાદ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહનો દિવસભરનો કાર્યક્રમ રાજકીય મુલાકાતોથી ભરચક રહ્યો હતો. તેમના થલતેજ વિસ્તારમાં આવેલો રોયલ ક્રિસેન્ટ બંગલો રાજકીય નેતાઓ, કાર્યકરો તથા કેટલાંક ખાસ લોકોની ચહલ પહલથી દિવસભર ધમધમતો રહ્યો હતો. કેટલાંક નેતાઓને અમિત શાહે ફોન કરીને બોલાવ્યા હતો તો કેટલાંક આગેવાનો કાર્યકરો, તથા ખાસ લોકો ફોન કરીને અમિત શાહને મળવા આવ્યા હતા.

સામાન્ય રીતે વર્ષ ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કેટલીક મુલાકાતો ગોઠવાઈ હતી. જ્યારે સુત્રોના દાવા મુજબ કેટલીક મુલાકાતોમાં સંપૂર્ણ રાજકીય ગોપનીયતા જાળવવામાં આવી હતી. અમિત શાહના નિવાસ સ્થાને આજે દિવસભર ચાલી રહેલી બેઠકોને ધમધમાટ મોડી રાત સુધી ચાલ્યો હતો. પરીણામે અમિત શાહે તેમનુ અમદાવાદનું રોકાણ વધુ એક દિવસ લંબાવ્યું હતું અને આવતીકાલે ગુરુવારે સાંજ સુધી મુલાકાતીઓને મલ્યા બાદ તેઓ સાંજે દિલ્હી પરત ફરશે તેમ સુત્રોએ ઉમેર્યું હતું.

# ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સામેના આક્ષેપોને રાજપૂત સમાજે વખોડી કાઢ્યા

ગાંધીનગર, તા. ૬

કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગરના આગેવાનો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને તલાટી ભરતી કૌભાંડના મુખ્ય સૂત્રધાર કલ્યાણસિંહ ચંપાવતે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા સામે કરેલા આક્ષેપોને સખત શબ્દોમાં વખોડી કાઢતો ઠરાવ સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યો હતો. કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજના તમામ રાજપૂત આગેવાનોએ એકસૂરે જણાવ્યું કે, ૧૯૯૦થી ભૂપેન્દ્રસિંહ આ સંસ્થા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. તેઓ સાચા અર્થમાં 'સૌનો સાથ સૌનો વિકાસ'માં માનવાવાળા છે. આવા અણિશુદ્ધ નિવડેલા, સમાજ સેવી વિરૂદ્ધ કાદવ ઉછાળનાર, ડૉ. ચંપાવતના પ્રયત્નોને કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, સખત શબ્દોમાં વખોડી કાઢે છે.

# ભિલોડામાં તલાટી કમ મંત્રી લાંચ લેતાં ઝડપાયા

ભિલોડા,તા.૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના જેસીંગપુર ગ્રૂપ ગ્રામ પંચાયતનો તલાટી ક્રમ મંત્રી રાજેશભાઈ અંબાલાલ રાવલ,રહેવાસી ભિલોડા રૂા.૨૬૦૦/-ની લાંચ લેતાં અરવલ્લી જીલ્લા એ.સી.બી. ઈન્ચાર્જ પી.આઈ. એસ.પી.કહારના છટકામાં રંગે હાથ ઝડપાયો હતો.ભિલોડા તાલુકાના વહીવટી તંત્રના લાંચીયા અધિકારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં વહીવટી તંત્રના અમુક જવાબદાર અધિકારીઓ લાંચ લીધા વિના અરજદારોનું કામ ભાગ્યે જ કરતા હોય તેમ લોકમુખે ચર્ચાય છે.રૂપિયા આપો તો જ અરજદારોના નાના-મોટા કામકાજ થાય તેવો સીલસીલો ચાલી રહ્યો હોય તેમ લોકમુખે ચર્ચાય છે.ભ્રષ્ટાચાર તો જાણે શિષ્ટાચાર બની ગયો હોય તેમ આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

જેસીંગપુર ગ્રૂપ ગ્રામ પંચાયતનો તલાટી ક્રમ મંત્રી રાજેશભાઈ અંબાલાલ રાવલ,રહેવાસી ભિલોડા ન્યું ગુજરાત પેટર્ન આવાસ યોજના અંતર્ગત મકાન બાંધકામ માટેની સહાયનો બીજો હપ્તો અપાવવા માટે તલાટી ક્રમ મંત્રીના સહી,સિક્કા કરી આપવા સંદર્ભે રૂા.૩૦૦૦/-ની લાંચ માગી હતી ત્યારે અરજદારે રૂા.૪૦૦/-જે-તે સમયે રોકડા આપ્યા હતા પરંતુ તલાટી ક્રમ મંત્રીને લાંચ લેવા સંદર્ભે પાઠ ભણાવવા અરજદારે અરવલ્લી જીલ્લા એ.સી.બી.વિભાગમાં જવાબદાર અધિકારીઓને જાણ કરતાં એ.સી.બી.એ છટકું ગોઠવ્યું હતું.જેસીંગપુર ગ્રૂપ ગ્રામ પંચાયતનો તલાટી રૂા.૨૬૦૦/-ની લાંચ લેતો રંગે હાથ ઝડપાયો હતો.અરવલ્લી જીલ્લા એ.સી.બી. પી.આઈ. એસ.પી.કહાર એ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

ભિલોડા તાલુકામાં વહીવટી તંત્રની ઓફીસોમાં એ.સી.બી. વિભાગના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયીક તપાસ ઉંડાણ પુર્વક કરવામાં આવે તો વહીવટી તંત્રના કૌભાંડી લાંચ-રૂશ્વતના લાલચું અનેક અધિકારીઓ ઝડપાઈ શકે તેમ લોકમુખે ચર્ચાય છે.

# ધાનેરામાં અકસ્માતોની હારમાળા

ધાનેરા, તા.૬

આજે વહે સવાર થી જ જાણે યમરાજા એ ધાનેરા માં ધામ નાખ્યા હોય તેમ એક બાદ એક અકસ્માત સર્જાતા રહ્યા છે ત્રણ કલાક માં ત્રણ અકસ્માત સર્જાયા છે જેમાં એક મહિલા નું મોત નીપજ્યું છે તો અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ પણ થયા છે.

ધાનેરા તાલુકા આ સરાલ અને નાંદલ ગામ વચ્ચે ૬૦ વષીય વૃદ્ધ રોડ ની સાઈડ માં ચાલી રહ્યા હતા તે સમયે અચાનક બાઈ ચાલકે ટક્કર મારતા વૃદ્ધ જમનાબેન સેંધાભાઈ અને બાઈક ચાલાક દિનેશભાઈ તેજાભાઈ ને પણ ગંભીર ઈજા થવા પામી હતી તે બાદ ધાનેરા તાલુકા ના સેકન્ડ ગામે પણ રીક્ષા પલટી ખાઈ જતા સુરેશભાઈ પીઠાભાઈ ડાભીને ગંભીર ઈજા થવા પામી હતી તો બીજી તરફ ધાનેરા તાલુકા ના આલવાળા ગામ પાસે બાઈક પરથી ૨૪ વષીય સાવિત્રીબેન ગોવિંગભાઈ વાલ્મિકી પડી જતા લોકો ધ્વરા ૧૦૮ ને જાણકર્તા ૧૦૮ ના પાયલોટ રજનીકાંત રાવલ અને એ.એમ ટી ભરતભાઈ પટેલ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઘાયલ યુવતી ને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડી હતી જ્યાં યુવતી નું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું.

### માનવ મહેરામણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રથયાત્રામાં ૧૮ શણગારેલા ગજરાજ, ૩૦ અખાડા, ૧૮ ભજનમંડળી, ૩ બેન્ડવાજા, ૧૦૧ ટ્રક આકર્ષકનુ કેન્દ્ર રહ્યા હતા. દેશભરમાંથી બે હજાર જેટલા સાધુ સંતો રથયાત્રામાં ભાગ લેવા આવી પહોંચ્યા હતા. સાધુ સંતો સાથે હજારથી બારસો જેટલા ખલાસી ભાઈઓ રથ ખેંચવામાં જોડાયા હતા. આજે પણ પરંપરાગતરીતે જ રથયાત્રા દરમિયાન જગન્નાથજી મંદિર તરફથી લોકોને જે રીતે પ્રસાદ વહેંચવામાં આવે છે તેમાં ૨૫૦૦૦ કિલો મગ, ૬૦૦ કિલો જાંબુ, ૩૦૦ કિલો કેરી, ૩૦૦ કિલો કાકડી અને બદમ તથા બે લાખ ઉપરણા પ્રસાદી રુપે આપવામાં આવી હતી. રથયાત્રાના દિવસે આજે સવારે ૪ વાગે મંગળા આરતી થઈ હતી. જેમાં ભાજપ પ્રમુખ અમિત શાહ ઉપસ્થિત રહ્યા હતા. ભગવાનને પરંપરાગત ખીચડી, કોળું અને ગવારફળીના શાકનો વિશિષ્ટ ભોગ ધરાવવામાં આવ્યો હતો. ભગવાન જગન્નાથના મંદિર જમાલપુર ખાતે છેલ્લા કેટલાક દિવસથી પ્રસાદ માટે મગ અને અન્ય ચીજવસ્તુઓને સાફ કરવાની પ્રક્રિયા ચાલી રહી હતી. જગન્નાથની પ્રતિષ્ઠા સાંજે કરવામાં આવ્યા બાદ રથયાત્રાને લઈને ઉત્સાહ વધી ગયો હતો.આજે શહેરના જુદા જુદા માર્ગો ઉપરથી રથયાત્રા પસાર થઈ હતી. જેમાં સંવેદનશીલ વિસ્તારોનો સમાવેશ થાય છે. ઐતિહાસિક રથયાત્રાને લઈને તમામ તૈયારીઓ પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી હતી. રથયાત્રા રૂટ ઉપર સુરક્ષા જવાનો પણ ગોઠવાઈ ગયા હતા. કોઈપણ અનિચ્છનીય બનાવને ટાળવા તથા રથયાત્રાને શાંતિપૂર્ણ રીતે પસાર કરવા તંત્રએ કમરકસી લીધી હતી. સમગ્ર યાત્રા દરમિયાન સીસીટીવી, નેત્ર અને કન્ટ્રોલરૂમ મારફતે આખી રથયાત્રાનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ભવ્ય રથયાત્રાને શાંતિપૂર્ણરીતે પાર પાડવા સાવચેતીના તમામ પગલા લેવાયા હતા. આજે સવારે અભૂતપૂર્વ ઉત્સાહ અને શ્રદ્ધાળુઓના ઘોડાપુર વચ્ચે રથયાત્રા જગન્નાથ મંદિરેથી નીકળીને જમાલપુર ચકલા, વૈશ્ય સભા, ગોળ લીમડા ,આસ્ટોડીયા ચકલા, મદન ગોપાલની હવેલીથી, રાયપુર ચકલા, ખાડિયા ગેટ, ખાડિયા ચાર રસ્તા, પાંચકૂવા, કાલુપુર સર્કલથી કાલુપુર બ્રીજ થઈને સરસપુર પહોંચી હતી. સરસપુરમાં ટુંકા વિરામ બાદ કાલુપુર બ્રીજ, કાલુપુર સર્કલ, પ્રેમ દરવાજા, જોર્ડન રોડ, દિલ્હી દરવાજા, હલીમની ખડકી, શાહપુર દરવાજા, શાહપુર ચકલા, ઘીકાંટા રોડ, પાનકોર નાકા, માણેકચોક થઈને ગોળ લીમડા, ખમાસા થઈને મોડી સાંજે રથયાત્રા નીજ મંદિરમાં પરત ફરી હતી. રથયાત્રામાં હાથી, ટ્રકો, જુદા જુદા શણગારેલા રથ નજરે પડ્યા હતા. જેના મારફતે લોકોને જુદા જુદા વિસ્તારોમાં પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. તમામ માર્ગો પર મોટી સંખ્યામાં લોકો ભગવાનના દર્શન કરવા માટે જમા થયા હતા. ૧૮ કિલોમીટર વિસ્તારમાં ફરીને રથયાત્રા શાંતિપૂર્ણરીતે પરત ફરી હતી.